# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## સોમવાર, ૦૯ માર્ચ, ૨૦૨૬

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ** [ઉદ્યોગ - વાહન વ્યવહાર - કાયદો અને ન્યાયતંત્ર - મીઠા ઉદ્યોગ - નાગરિક ઉડ્ડયન - આદિજાતિ વિકાસ - છાપકામ અને લેખનસામગ્રી - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ - પ્રવાસન અને યાત્રાધામ વિકાસ - ગૃહ - પોલીસ હાઉસીંગ - રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 74**

----

### ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિ વિકાસના કામો

15/8/2064 *1 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતિ વિકાસના કામોની મંજુરી જિલ્લા કક્ષાએથી થાય તે માટેની કેટલી અરજીઓ વિભાગને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરી?

----

### અમદાવાદ હાટ ખાતે હાથશાળ - હસ્તકલા મેળાઓ

15/8/1290 *2 **શ્રી અમીત શાહ (એલીસબ્રીજ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ હાટ ખાતે કુલ કેટલા હાથશાળ - હસ્તકલાના મેળાઓ યોજવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ હાટ ખાતે યોજાયેલ હાથશાળ - હસ્તકલાના મેળાઓમાં કારીગરો દ્વારા કુલ કેટલી રકમનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૩) આ મેળાઓ યોજવાથી કારીગર વર્ગને ક્યા લાભ થયા?

----

## બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1293 *3 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?

----

## સુરત શહેરમાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ

15/8/1311 *4 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

## રાજકોટ જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના

15/8/1360 *5 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?

----

## ધોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડની કામગીરી

15/8/1338 *6 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરડો ખાતે લાઈટ એન્ડ સાઉન્ડની કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો સદર કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે , અને

(૩) સદર કામગીરીમાં ક્યા કમ્પોનન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે?

----

## ભરૂચ જિલ્લામાં શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ

15/8/1312 *7 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

## છોટા ઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

15/8/1306 *8 **શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત કેટલી ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે, અને

(૩) છાત્રાલયો માટે વર્ષ : ૨૦૨૫-૨૬માં કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવી છે?

----

## ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2084 *9 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લા અને જૂનાગઢ શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

15/8/1363 *10 **શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

----

## કચ્છ જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના

15/8/1362 *11 **શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?

----

## નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1295 *12 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના ખરીફ અને રવિ સિઝન અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કલેઈમ અરજીઓ

15/8/1350 *13 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?

----

## ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2067 *14 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને સુરેન્દ્રનગર શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કલેઈમ અરજીઓ

15/8/1351 *15 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?

----

## અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવા બાબત

15/8/2096 *16 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવાના ૨૦૨૦ના

નિયમો અમલમાં આવ્યા બાદ તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખોટા પ્રમાણપત્રો સ્કુટીની કમીટી દ્વારા રદ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત રદ કરવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કેટલા પ્રમાણપત્રો કઈ જાતિના હતા?

----

## અમદાવાદ અને સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય

15/8/1715 *17 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટેની વ્યાજ સહાય યોજના ૨૦૧૯ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રની કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉકત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સહાય મંજૂર કરી છે?

----

## શામળાજી તાલુકામાં આવેલ દેવની મોરી બૌધ્ધસ્તુપ

15/8/2078 *18 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી તાલુકામાં આવેલ દેવની મોરી (બૌધ્ધસ્તુપ) પ્રવાસન સ્થળને વિકસાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ સ્થળના વિકાસ અને જાળવણી માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કયા પ્રકારની કામગીરી માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## મિહિર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા થયેલા આદેશોના અમલીકરણ બાબત

15/8/1895 *19 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) મિહિર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ક્રીમીનલ અપીલ નં. ૨૧૯૫/૨૦૨૫ના કેસમાં પોલીસ દ્વારા થતી ધરપકડના તમામ કિસ્સામાં ધરપકડના કારણો ધરપકડ થયેલ વ્યક્તિને લેખિતમાં પુરા પાડવાના રહેશે અને તેના ભંગ બદલ થયેલ ધરપકડ ગેરકાયદે જાહેર થશે તેવા આદેશો નામદાર સુપ્રિમ કોર્ટે તા. ૦૬/૧૧/૨૦૨૫ના રોજ આપ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશના પાલન માટે વિભાગ તરફથી ક્યારે શા લેખિત આદેશો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે?

----

## ભરૂચ જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના

15/8/1361 *20 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?

----

## બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત

15/8/1314 *21 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર હેલ્પલાઈન થકી

ફ્રીઝ થયેલ બેંક એકાઉન્ટમાં નિર્દોષ નાગરિકોના કુલ કેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા માટે અરજી કરવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે, કે કેમ

(૩) જો હા, તો નાગરિકોને તેનો શું ફાયદો થાય છે, અને

(૪) અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનુ સ્ટેટસ જાણવા કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ?

----

## વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા લીધેલા પગલા

15/8/1330 *22 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે શી કામગીરી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી માટે કુલ કેટલી બજેટ જોગવાઈ તથા ખર્ચ થયેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય યોજના

15/8/1349 *23 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે સહાય યોજના - ૨૦૧૯ હેઠળ પાવર ટેરીફ સહાય યોજના હેઠળ કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પેટે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?

----

## કચ્છ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની કલેઈમ અરજીઓ

15/8/1352 *24 **શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે (માંડવી):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?

----

## અમદાવાદ અને વડોદરા શહેરમાં દારૂનું સેવન કરેલ વ્યક્તિઓને દારૂ પૂરો પાડનારા સામે કાર્યવાહી બાબત

15/8/1894 *25 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને અમદાવાદ જિલ્લામાં વગર પરમીટે દારૂનું સેવન કરેલ વ્યક્તિઓ સામે કેટલા કેસ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ દારૂનું સેવન કરેલ હાલતમાં પકડાયેલ વ્યક્તિઓના ઉક્ત કેસના સંદર્ભમાં દારૂ પૂરો પાડનાર વિરુદ્ધ કેટલા કેસોમાં શું કાર્યવાહી કરી, અને

(૩) જો કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે?

----

## અરવલ્લી જિલ્લામાં ખાદી-ગ્રામોદ્યોગ એકમોની સંખ્યા અને સહાય બાબત

15/8/1272 *26 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ કુલ કેટલા એકમો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી જિલ્લામાં ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ કેટલા નવા એકમોની સ્થાપના માટે સરકાર દ્વારા કુલ કેટલી સહાય/સબસિડી/લોન આપવામાં આવી?

----

## સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

15/8/1298 *27 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે પ્રવાસી સુવિધાની કામગીરી

15/8/1336 *28 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?

----

## દાંતીવાડા તાલુકા ખાતે બસ સ્ટેન્ડ બનાવવા બાબત

15/8/2063 *29 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**વાહન વ્યવહાર :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૭/03/૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૬/૧૫૧૫ (અગ્રતા-૨૩)ના

અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) દાંતીવાડા તાલુકા ખાતે નવિન તાલુકા બસસ્ટેન્ડ બનાવવા કલેક્ટરશ્રી, બનાસકાંઠા પાસેથી જમીન મેળવવાની આનુષાંગિક કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલા ખર્ચે શી કામગીરી કરી, અને

(૩) ઉક્ત બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત શાળાઓ

15/8/2076 *30 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત કેટલી અને કઈ શાળાઓ આવેલ છે,

(૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે?

----

## પોક્સો કેસોમાં કાનૂની સલાહ બાબત

15/8/1334 *31 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નોંધાતા પોક્સો કેસમાં ભોગ બનનારાઓને કાનૂની સલાહ અને સહાય ઝડપથી ચૂકવવા માટે શી કાર્યવાહી કરવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ અંગે કરાયેલ વર્ષવાર નાણાકીય જોગવાઈની વિગતો શી છે?

----

## અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2080 *32 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2093 *33 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## પાવાગઢ ખાતે આવેલ હેરીટેજ સ્થળના વિકાસની કામગીરી

15/8/1337 *34 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ હેરીટેજ સાઈટ પ્રવાસન સ્થળના વિકાસ અર્થે કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?

----

## તાપી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

15/8/1301 *35 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા)ઃ**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના

15/8/1359 *36 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર)ઃ**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?

----

## નવી બસો ખરીદવા એસ.ટી. નિગમને સહાય

15/8/1342 *37 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા)ઃ**

**વાહન વ્યવહાર :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી?

----

## રાજ્યમા યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા

15/8/1331 *38 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કુલ કેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું?

----

## દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/8/1310 *39 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શો લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

## નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1297 *40 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?

----

## આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને આર્થિક સહાય

15/8/1332 *41 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજ્યના ખેલાડીઓ ભાગ લેવા જાય તો તેને રાજ્ય સરકાર તરફથી કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ,અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેલાડીઓને કેટલી સહાય આપવામાં આવી છે?

----

## કચ્છ જિલ્લામાં કુટીર ઉધોગ શરૂ કરવા માટે મળેલ અરજીઓ

15/8/1132 *42 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા ઉધોગ કેન્દ્રમાં કુટીર ઉધોગ શરુ કરવા માટે શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,
(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોમાં ભલામણ કરવામાં આવી,અને
(૩) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો

દ્વારા લોન પૂરી પાડવામાં આવી?

----

## પાટણની રાણકી વાવ ખાતે પ્રવાસી સુવિધાની કામગીરી

15/8/1335 *43 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ રાણકી વાવ ખાતે પ્રવાસીઓની સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કયા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે?

----

## અમદાવાદ અને ખેડા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/1322 *44 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ખેડા જિલ્લામાં કેટલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ થયેલા અને,

(૨) તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મદદ કરનારને પ્રોત્સાહન

15/8/1343 *45 **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત/ ઘાયલોને મદદ કરનારને પ્રોત્સાહન મળે તે માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે?

----

## પાટણ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાંચ/ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા

15/8/2073 *46 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા છ માસમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર લોકલ ક્રાઈમ બ્રાંચ/ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા પાડી કેટલી રકમનો દેશી દારૂ, વિદેશી દારૂ, બીયરનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) ઉક્ત પ્રકારના બનાવોમાં સ્થાનિક પોલીસ અધિકારી/ કર્મચારીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવાની કોઈ જોગવાઈ છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા છ માસમાં તાલુકાવાર જવાબદાર કેટલા કર્મચારી/ અધિકારી સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) કેટલા અધિકારી/કર્મચારી સામે ક્યા કારણોસર કાર્યવાહી કરવાની બાકી છે?

----

## રાજકોટ જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/1321 *47 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ થયેલા અને,

(૨) તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## છોટા ઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1294 *48 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના ખરીફ અને રવિ સિઝન અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?

----

## અંકલેશ્વર ખાતે એરપોર્ટ વિકસાવવાની કામગીરી

15/8/1348 *49 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) અંકલેશ્વર ખાતે વિકસાવવામાં આવનાર એરપોર્ટ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે, અને

(૨) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ સ્ટેશન / આઉટ પોસ્ટ બાબત

15/8/1518 *50 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા પોલીસ સ્ટેશન / આઉટ પોસ્ટ છે, અને
(૨) તે પૈકી કેટલા પોલીસ સ્ટેશન પોતાની માલિકીના છે અને કેટલા ભાડાના મકાનમાં ચાલે છે?

----

## પોલીસ કર્મચારીઓને પગાર ચૂકવવા માટે ગ્રાન્ટ ન હોવા બાબત

15/8/2070 *51 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૫-૨૬માં ગૃહ વિભાગને બજેટમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ગ્રાન્ટની ફાળવણી થયેલ હોવા છતાં પોલીસ કર્મચારીઓનો પગાર ચૂકવવા માટે ગ્રાન્ટ ન હોવાનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ઉક્ત પરિપત્ર જાહેર કરવાના કારણો શાં છે?

----

## વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/1296 *52 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?

----

## દાહોદ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

15/8/1307 *53 **શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત કેટલી ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે, અને

(૩) ઉક્ત છાત્રાલયો માટે વર્ષ : ૨૦૨૫-૨૬માં કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવી છે?

----

## છોટાઉદેપુર અને મોરબી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2065 *54 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં અને મોરબી શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2085 *55 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર શહેર/ જિલ્લામાં અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## ભરૂચ અને તાપી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2068 *56 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ શહેર/ જિલ્લામાં અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને

બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

15/8/2097 *57 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

----

## સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટર પાછળનો ખર્ચ

15/8/1716 *58 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટરના મેઈનટેનન્સ/ પાયલોટ અને અન્ય સ્ટાફ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા પ્લેન કે હેલીકોપ્ટર ટેકનિકલ ક્ષતિના કારણોસર ઉડી ન શકવાના કેટલા કિસ્સા બન્યા છે?

----

## પાટણ જિલ્લામાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (અમેન્ડમેન્ટ) એક્ટ - ૨૦૧૫ હેઠળ સ્પેશ્યલ લાયસન્સ

15/8/1896 *59 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (અમેન્ડમેન્ટ) એક્ટ - ૨૦૧૫ અન્વયે પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન માટે ક્યા પ્રકારના કેટલા વાહનોને " સ્પેશ્યલ લાયસન્સ" આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્પેશ્યલ લાયસન્સ વગર પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન કરતા કયા પ્રકારના કેટલા વાહનોને પકડવામાં આવ્યા છે, અને

(૩) આ પકડાયેલ વાહનો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## સુરત અને અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજ બાબત

15/8/1905 *60 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેરના પોલીસ સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજ માંગવા માટે કેટલી આરટીઆઈ અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓમાં અરજદારોને સીસીટીવી ફૂટેજ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કેટલી અરજીઓમાં કેમેરાઓ બંધ હોવાના કારણે / ટેકનિકલ ખામીના કારણોસર ફૂટેજ આપવામાં આવેલ નથી?

----

## અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ઈસમો પર અત્યાચારના થયેલા બનાવો

15/8/2083 *61 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં શહેર/ જિલ્લાવાર અનુસૂચિત જાતિના ઈસમોના ખૂન, તિરસ્કાર, આભડછેટ, મંદિરમાં પ્રવેશબંધી, અત્યાચાર, મહિલાઓ પર બળાત્કારના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત બનાવો પૈકી કેટલા બનાવો ઉકેલાયા અને કેટલા બનાવો ઉકેલવાના બાકી છે, અને

(૩) અનુસૂચિત જાતિના ઈસમો સાથે બનતા બનાવોમાં તાત્કાલિક કાર્યવાહી થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## દાહોદ અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ મહિલાઅને બાળકોની ફરિયાદ

15/8/2094 *62 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને આણંદ શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## કચ્છ જિલ્લામાં સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ માટે મળેલ અરજીઓ

15/8/1148 *63 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના ક્યા તાલુકાઓમાં સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ બનાવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળેલ છે,
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ક્યા તાલુકામાં સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ મંજુર કરવામાં આવ્યા અને ક્યા તાલુકાઓમાં મંજુર કરવાના બાકી છે,
(૩) ઉક્ત બાકી મંજૂરીઓ ક્યાં સુધીમાં આપવામાં આવશે, અને

(૪) તે બાકી રહેવાના શા કારણો છે ?

----

## પાટણ અને પોરબંદર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2074 *64 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને પોરબંદર શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## છોટાઉદેપુર જિલ્લામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ બાબત

15/8/1520 *65 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ કેટલી રકમની કેટલી વસ્તુઓ પરત આપવામાં આવી?

----

## બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2071 *66 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લા અને મહેસાણા શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને

બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## બોટાદ અને ડાંગ જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2066 *67 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બોટાદ શહેર/જિલ્લામાં અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## રાજકોટ અને ભાવનગર જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2086 *68 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને ભાવનગર શહેર/જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## વલસાડ અને નવસારી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2098 *69 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદો પરની ચેકપોસ્ટ પરથી પકડાયેલ દારૂનો જથ્થો

15/8/1717 *70 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૨૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદો પરની ચેકપોસ્ટ પરથી કેટલી કિંમતનો કેટલો વિદેશી દારૂ કે બીયરની બોટલો પકડવામાં આવી,

(૨) ઉકત સંદર્ભે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી?

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) બાકીના આરોપીઓને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે?

----

## ખેડા અને સુરત જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2095 *71 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લા અને સુરત શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## નખત્રાણા ખાતે આધુનિક બસપોર્ટ વિકસાવવા બાબત

15/8/1154 *72 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે નવીન આધુનિક બસપોર્ટ અપગ્રેડ કરવા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરેલ છે?

----

## કચ્છ અને અમરેલી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2075 *73 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લા અને અમરેલી શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર/જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને

બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગુમ થયેલ મહિલા અને બાળકોની ફરિયાદ

15/8/2072 *74 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓ અને બાળકો ગુમ થયા અંગેની ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી મહિલાઓ અને બાળકો પરત મળ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુમ થયેલ કેટલી મહિલાઓ અને બાળકોને શોધવાના બાકી છે, અને

(૪) ઉક્ત મહિલાઓ અને બાળકોને શોધવા શા પગલાં લેવામાં આવ્યા?

----